નામ.હાઇકોર્ટના SCA No.: ૧૫૭૦૧/૨૦૧૬ થી ૧૫૭૨૧/૨૦૧૬ ના તારીખ ૭/૬/૨૦૧૭ના વચગાળાના હૂકમનો સ્વીકાર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
હુકમ ક્રમાંક : બમશ/૧૩૧૭/CC-૧૪૧/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૪/૯/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) નામ.હાઇકોર્ટનો SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ અંતર્ગત તારીખ ૭/૬/૨૦૧૭નો વચગાળાનો હૂકમ.

(૨) નામ.હાઇકોર્ટનો MCA (FOR REVIEW) ૧/૨૦૧૮ In SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ અંતર્ગત તારીખ ૧૯/૭/૨૦૧૮નો હૂકમ.

(૩) નામ.હાઇકોર્ટનો CA (FOR CLARIFICATION) No.: ૩/૨૦૧૮ In SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ અંતર્ગત તારીખ ૮/૮/૨૦૧૮નો હુકમ.

પ્રસ્તુત કેસની ટૂંકી વિગતો એવી છે કે, શ્રી વિપુલકુમાર હરજીવનભાઇ પરમાર અને અન્ય અરજદારો (ચિત્ર શિક્ષકો) દ્વારા નામ.હાઇકોર્ટમાં SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ દાખલ કરી, તેઓને માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકને મળતું પગાર ધોરણ એટલે કે આ કેસના અરજદારોને હાલ મળતાં પગાર ધોરણ ₹ ૫૨૦૦-૨૦૨૦૦/-(ગ્રેડ પે ₹ ૨૮૦૦/-)ના બદલે ૯૩૦૦-૩૪૮૦૦/-(ગ્રેડ પે ₹ ૪૨૦૦/-)નું પગાર ધોરણ આપવા દાદ માંગેલ હતી.

નામ.હાઇકોર્ટ દ્વારા પ્રસ્તુત કેસમાં તારીખ.૭/૬/૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના વચગાળાના હૂકમથી નીચે મુજબનો કરવામાં આવેલ હતો.

In view of the above facts and circumstances, let there be rule for final determination, returnable on 27.07.2017. Learned AGP waives service of notice of rule for respondents. Let there be interim relief whereby operation, execution and implementation of the notification dated 16.4.2009 at Annexure-A is hereby stayed with a direction to the respondents to extend the benefit of pay as paid to other similarly situated teachers like Ashaben Kantilal Patel. Thereby, practically, respondents have to pay the salary to the petitioners in the scale of Rs. 9,300-34,800/- pending these petitions, but subject to outcome and result of the main petitions and, therefore, on condition that in getting such scale, all petitioners have to file an undertaking that if at all they do not succeed in the

Scanned by CamScanner

petitions, then, respondents would be entitled to recover the amount of dues paid pursuant to such interim relief in suitable installments.

નામ.હાઇકોર્ટના ઉક્ત હુકમ સામે સરકારશ્રી દ્વારા MCA (FOR REVIEW) No.: ૧/૨૦૧૮ In SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ દાખલ કરવામાં આવેલ હતી જેમાં નામ.હાઇકોર્ટ દ્વારા તારીખ ૧૯/૭/૨૦૧૮ના સંદર્ભ (૨) હેઠળના નીચે ગુજબના હૂકમથી રીવ્યુ પીટીશન કાઢી નાંખેલ છે.

Therefore, in the present case, though applicant may have a good case on merits, unfortunately I am unable to recall the judgment by the Co-ordinate bench because it does not fall in grounds enumerated in Kamlesh Verma (Supra) so as to review such judgment. Therefore, only remedy available to the applicant is to challenge the judgment in higher forum. Thereby, present application stands dismissed.

27. In view of above facts and circumstances, these applications are dismissed. Thereby, when delay is not condoned in filing review applications, considering that there is no sufficient cause to condone the delay the review applications is not maintainable as such, the review applications also stand dismissed.

ત્યારબાદ અરજદાર શ્રી વિપુલકુમાર હરજીવનભાઇ પરમાર અને અન્ય અરજદારો દ્વારા તારીખ ૭/૬/૨૦૧૭ના હૂકમની સ્પષ્ટતા માટે નામ.હાઇકોર્ટમાં CA (FOR CLARIFICATION) No.: 3/૨૦૧૮ In SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ દાખલ કરી દાદ માંગતા, નામ.હાઇકોર્ટ દ્વારા તારીખ ૮/૮/૨૦૧૮ના સંદર્ભ (3) હેઠળના હૂકમથી નીચે મુજબનો આદેશ કરવામાં આવેલ છે.

Therefore, the prayer in paragraph 11(B) is already granted by this court when it is specifically stated in such order dated 7.6.2017 that - "Thereby, practically, respondents have to pay the salary to the petitioners in the scale of Rs.9300-34800/- pending these petitions....." Therefore, the only relief remains in this application is regarding compliance of such order. Therefore, though respondents have challenged the order dated 7.6.2017 in Letters Patent Appeal, but failed to succeed in such Letters Patent Appeal and when their review applications are also disposed of by reasoned order against them, now, there is no reason for the respondents to deny the execution and implementation of order dated 7.6.2017. Therefore, by all means, there is reason to grant relief in terms of paragraphs 11(C) and (D). Therefore, the applications are allowed in terms of paragraphs 11(C) and (D), **directing the respondents to execute such order on or before 31.8.2018**, if there is no other order in their favour not to execute such order.

Scanned by CamScanner

દરમ્યાનમાં અરજદારો દ્વારા નામ.હાઇકોર્ટના તારીખ ૭/૯/૨૦૧૭ના હૂકમનું પાલન ન થતાં, નામ.હાઇકોર્ટમાં MCA (FOR CONTEMPT) ૬૭૭/૨૦૧૮ In SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ દાખલ કરેલ છે

આમ, નામ.હાઇકોર્ટ દ્વારા તારીખ ૮/૮/૨૦૧૮ના હૂકમથી તારીખ ૭/૯/૨૦૧૭ના હૂકમનું સમયમર્યાદામાં પાલન કરવા આદેશ કરેલ હોઇ, નામ.હાઇકોર્ટના તારીખ ૭/૯/૨૦૧૭ના વચગાળાના હૂકમનો સ્વીકાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, નામ.હાઇકોર્ટના તારીખ ૭/૯/૨૦૧૭ના વચગાળાના હૂકમના ફકરા નં.૧૫માં જણાવ્યા ગુજબ SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ના આખરી ચુકાદાને આધીન તથા જો આ ચુકાદો સરકારશ્રીની વિરૂધ્ધમાં આવે તો તેની સામે દાખલ કરવામાં આવનાર અપીલોના આખરી ચુકાદાને આધીન, નામ.હાઇકોર્ટના તારીખ ૭/૯/૨૦૧૭ના વચગાળાના હૂકમનો સ્વીકાર કરવાની અને આ કેસના અરજદારોને હાલ તેમને મળતાં પગાર ધોરણ ₹ ૫૨૦૦-૨૦૨૦૦/-(ગ્રેડ પે ₹ ૨૮૦૦/-)ના બદલે ૯૩૦૦-૩૪૮૦૦/-(ગ્રેડ પે ₹ ૪૨૦૦/-)ના પગાર ધોરણ ગુજબ પગાર ચૂકવવાની આથી સરકારશ્રીની આથી શરતી મંજૂરી આપવામાં આવે છે.

વધુમાં, નામ.હાઇકોર્ટના ઉક્ત વચગાળાના હૂકમ મુજબ SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬ ના અરજદારોએ જો આ પીટીશનોમાં જો તેઓ સફળ ના થાય એટલે કે આખરી ચુકાદો સરકારશ્રીની તરફેણમાં આવે તો તેઓને તારીખ ૭/૯/૨૦૧૭ના વચગાળાના હૂકમ અન્વયે કરવામાં આવેલ ચુકવણા પરત મેળવવા સરકારશ્રી દ્વારા જે નિર્ણય કરવામાં આવે તે નિર્ણય તેઓને બંધનકર્તા રહેશે તે ગુજબની બાંહેધરી આપવાની રહેશે.

આ હુકમ નામ.હાઇકોર્ટના SCA No.:૧૫૭૦૧/૨૦૧૬થી ૧૫૭૨૧/૨૦૧૬માં તારીખ ૭/૯/૨૦૧૭ના વચગાળાન હુકમ અન્વયે કરવામાં આવે છે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧/૯/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, બ્લોક નં-૪, ૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

- સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી(શાળાઓ), શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પગાર અને હિસાબની કચેરી, ગાંધીનગર.
- સરકારી વકીલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત).
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત).
- શાખા પસંદગી ફાઇલ.
- ના.સે.અ. પસંદગી ફાઇલ.

Scanned by CamScanner